અપીલ અરજી નં.૬૪૪ તા.૨૨–૨–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી સી.જી.પરમાર
સામાવાળા :– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સી.જી.પરમારની તા. ૨૪–૦૧–૧૨ની અરજીથી મોજે ઉધના સર્વે નં. ૧૩૮, પ્લોટ નં. ૮૧, ૮૨, ૮૩ રોડ નં.–૬ ન્યૂ ફંકશનલ એસ્ટેટ ઉધના ઉદ્યોગનગર ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાંના ગેરકાયદેસર બાંધકામ બાબત અમારી તા. ૧૩–૧–૧૨ની કંટ્રોલરૂમ લેખીત ફરીયાદ બાદ સદર મિલ્કતધારક વિરુદ્ધ આપના વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આપવી. સદર મિલ્કતધારકને લેખીત નોટીસ કે મનાઈ હુકમ આપવામાં આવેલ કે કેમ જો હા તો નોટીસ અને મનાઈ હુકમની નકલ આપવી. નોટીસ આપ્યા બાદ સદર મિલ્કતધારક અને સુરત મહાનગર–પાલિકા વચ્ચે થયેલ પત્ર–વ્યવહારના તમામ કાગળોની નકલો આપવી. સદર મિલકતધારકે બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી મેળવવા અરજી કરેલ હોય તો તે અરજીની નકલ સહિતની માહિતી આપવા વિનંતી. સદર મિલ્કતમાં બાંધકામની કામગીરી સંભાળી રહેલ આર્કિટેકટના નામ, સરનામા, લાઈસન્સ નંબર સાથેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૨૨–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૪૪/૨૦૧૧–૧૨

શ્રી સી. જી. પરમારની તા. ૨૪–૦૧–૧૨ની અરજીથી મોજે ઉધના સર્વે નં.૧૩૮, પ્લોટ નં. ૮૧, ૮૨, ૮૩ રોડ નં.–૬ ન્યૂ ફંકશનલ એસ્ટેટ ઉધના ઉદ્યોગનગર ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાંના ગેરકાયદેસર બાંધકામ બાબત અમારી તા. ૧૩–૧–૧૨ની કંટ્રોલરૂમ લેખીત ફરીયાદ બાદ સદર મિલ્કતધારક વિરુદ્ધ આપના વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આપવી. સદર મિલ્કતધારકને લેખીત નોટીસ કે મનાઈ હુકમ આપવામાં આવેલ કે કેમ જો હા તો નોટીસ અને મનાઈ હુકમની નકલ આપવી. નોટીસ આપ્યા બાદ સદર મિલ્કતધારક અને સુરત મહાનગપાલિકા વચ્ચે થયેલ પત્ર–વ્યવહારના તમામ કાગળોની નકલો આપવી. સદર મિલ્કતધારકે બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી મેળવવા અરજી કરેલ હોય તો તે અરજીની નકલ સહિતની માહિતી આપવા વિનંતી. સદર મિલ્કતમાં બાંધકામની કામગીરી સંભાળી રહેલ આર્કિટેકટના નામ, સરનામા, લાઈસન્સ નંબર સાથેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/૭૪૩ તા. ૬–૨–૧૨થી મળેલ માહિતી અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને  તા. ૨૨–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારે માંગેલ નોટીસ ઉપરાંતની નકલો પુરી પાડવા પ્રસ્તાવ કરી આપેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૧૯૧૧ તા. ૫–૩–૧૨થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ મુજબ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે બાદ કયા મુદ્દા પરત્વે શું નારાજગી તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૨૦ તા. ૧૧–૪–૧૨થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મૂળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી–ઉધનાઝોનના પત્ર નં. સા.ઝોન/ટેક/૭૪૩ તા. ૬–૨–૧૨થી અરજદારને આપેલ માહિતીના તથા દસ્તાવેજ ફી ભરવા જણાવતા પત્રની નકલ, અરજદારે રૂા.૪/– ભરપાઈ કરેલ રસીદની નકલ , કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન ના પત્ર નં. સા.ઝોન/ ૬૦૯૮ તા. ૭–૧–૧૨થી કરેલ મનાઈ હુકમની નકલ, કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનના પત્ર નં. સા.ઝોન/૬૦૯૯ તા. ૭–૧–૧૨ થી મુંબઈ પ્રો.મ્યુ.કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૨૬૦(૧) (અ) મુજબની નોટીસની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૪–૦૧–૧૨ની અરજીથી મોજે ઉધના સર્વે નં.૧૩૮, પ્લોટ નં. ૮૧, ૮૨, ૮૩ રોડ નં.–૬ ન્યૂ ફંકશનલ એસ્ટેટ ઉધના ઉદ્યોગનગર ઉપરોકત સરનામાવાળી મિલ્કતમાંના ગેરકાયદેસર બાંધકામ બાબત અમારી તા. ૧૩–૧–૧૨ની કંટ્રોલરૂમ લેખીત ફરીયાદ બાદ સદર મિલ્કતધારક વિરુદ્ધ આપના વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી આપવી. સદર મિલ્કતધારકને લેખીત નોટીસ કે મનાઈ હુકમ આપવામાં આવેલ કે કેમ જો હા તો નોટીસ અને

મનાઈ હુકમની નકલ આપવી. નોટીસ આપ્યા બાદ સદર મિલ્કતધારક અને સુરત મહાનગપાલિકા વચ્ચે થયેલ પત્ર–વ્યવહારના તમામ કાગળોની નકલો આપવી. સદર મિલ્કતધારકે બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી મેળવવા અરજી કરેલ હોય તો તે અરજીની નકલ સહિતની માહિતી આપવા વિનંતી. સદર મિલ્કતમાં બાંધકામની કામગીરી સંભાળી રહેલ આર્કિટેકટના નામ, સરનામા, લાઈસન્સ નંબર સાથેની માહિતી આપવા બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરેલ. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી અધુરી માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૨–૨–૧૨ના રોજ અપીલ અરજી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક/૭૪૩ તા. ૬–૨–૧૨થી નિયત સમય અવધિમાં " પ્રશ્નવાળી મિલકતના ગેરકાયદેસર બાંધકામ સબબ ઉધનાઝોન ખાતેથી કાયદેસરની કાર્યવાહી કરી મનાઈ હુકમ/કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. સદર નોટીસની નકલ પેટે રૂા.૪/– ભર્યેથી આપવામાં આવેલ છે. નોટીસ આપ્યા બાદ મિલકત ધારકો તરફથી જરૂરી વિકાસ પરવાનગી મેળવવા માટે પ્લાન સહિતની અરજી બાબતે પોતાના આર્કી. સાથે જરૂરી પેપર્સ/ડોકયુમેન્ટસ રજુ કરવાની વિગતો આપવામાં આવેલ છે. " તેવું જણાવેલ તથા અરજદારે દસ્તાવેજી ફી ભરપાઈ કરેલ હોઈ, નકલ પુરી પાડેલ છે.

વધુમાં અરજદારને અપીલ તબક્કે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ મુજબ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે બાદ કયા મુદ્દા પરત્વે શું નારાજગી તે સ્પષ્ટ કરવા અત્રેથી પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં. ૧૩૭૯૬૨ તા. ૧૦–૨–૧૨થી રૂા. ૪/– ભરેલ છે. પરંતુ કયા મુદ્દા પરત્વે શું નારાજગી છે તે સ્પષ્ટ કરેલ નથી.

પરંતુ જાહેર માહિતી અધિકારી દ્રારા મિલકતધારક અને સુ.મ.ન.પા. વચ્ચે થયેલ અન્ય પત્ર વ્યવહાર તથા જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા મુજબ આર્કીટેકટે રજૂ કરેલ પ્લાન, અરજી, કાગળોની અરજદારે નકલો વિશે કોઈ પ્ર કાશ પાડેલ નથી. જો તે કાર્યવાહી હેઠળ હોય તો તે અંગે અપવાદ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૨૨–૨–૧૨ ધ્યાને લેતાં ૨૨–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૬–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૦૧–૧૨ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિમાં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. " તેમ છતાં ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે અન્ય પત્ર વ્યવહાર તથા રજૂ થયેલ પ્લાન અંગે કાયદાની કલમ–૮(૧) ના અપવાદ પુનઃચકાસી માહિતી આપવા જોગ હોય તો કલમ–૭(૩) તથા નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરાવી દિન–૭માં પુરી પાડવા અને અપવાદ હેઠળ હોય તો ચોક્કસ અપવાદથી અરજદારને અત્રેની જાણ હેઠળ અવગત કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

(૧) પ્રતિ, એડી.સીટી ઈજનેર અને ત.જાહેર માહિતી અધિકારી– ઉધનાઝોન .... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સી.જી.પરમાર,